**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

**મો.૮૮૬૬૦૬૬૦૬૦**



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૦૮ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

જેના માં ખોટ ખાવાની તાકાત હોય ને, એ જ નફો કરી શકે પછી એ ધંધો હોય કે સબંધ!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૧૮ ● તારીખઃ ૦૮.૦૭.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાતઃ બંને દેશો વચ્ચે રક્ષા અને સ્ટીલ સહિત ૨૦ ઐતિહાસિક કરારો થયા

### રક્ષા ક્ષેત્રે ભારતની મોટી સફળતાઃ ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલ આપશે ભારત



**સમય સંદેશઃ ડેસ્ક**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત બંને દેશોના દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય લઈને આવી છે. ગઈકાલે આ મુલાકાત દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયાએ સંરક્ષણ, સમુદ્રી સુરક્ષા, અવકાશ, મહત્વપૂર્ણ ખનિજો, કૃષિ અને સાંસ્કૃતિક વારસા સહિતના ક્ષેત્રોમાં અંદાજે ૨૦ જેટલા મહત્વપૂર્ણ સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. વર્ષ ૨૦૧૮માં સ્થાપિત થયેલી વ્યૂહાત્મક ભાગીદારી પછી બંને દેશો વચ્ચે થયેલી આ અત્યાર સુધીની સૌથી મોટી પ્રગતિ માનવામાં આવી રહી છે.

આ મુલાકાતની સૌથી મોટી અને ઐતિહાસિક સિદ્ધિ રક્ષા ક્ષેત્રમાં જોવા મળી છે. કરાર અનુસાર ભારત હવે ઈન્ડોનેશિયાને પોતાની સ્વદેશી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ સિસ્ટમ અને અસ્ત્ર એર-ટુ-એર

અનુ પાના નં.૨ પર

### વડાપ્રધાનને ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ સન્માન

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયા પ્રવાસના પ્રથમ તબક્કામાં જાકાર્તા પહોંચ્યા ત્યારે ઈન્ડોનેશિયાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે. ઈન્ડોનેશિયાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને દેશના સર્વોચ્ચ સન્માન બિતાંગ આદિપર્ણાથી સન્માનિત કર્યા છે. આ સન્માન ભારત અને ઈન્ડોનેશિયાની વચ્ચે મજબૂત વ્યૂહાત્મક સંબંધ અને દ્વિપક્ષી સંબંધોનું પ્રતીક માનવામાં આવે છે.

## દેશમાં પ્રથમવાર મોટો નિર્ણયઃ આંતર ધાર્મિક લગ્નો પર વક્ફ બોર્ડની કડક નજર

### બિન-મુસ્લિમ સાથે નિકાહ કરવા માટે હવે NOC લેવી ફરજિયાત, છત્તીસગઢ સરકારનો માસ્ટરપ્લાન

**સમય સંદેશઃ રાયપુર**

છત્તીસગઢમાં આંતરધાર્મિક લગ્નો અને કથિત લવ જેહાદની ઘટનાઓ પર રોક લગાવવા માટે વક્ફ બોર્ડે એક અત્યંત ચોંકાવનારો અને કડક નિર્ણય લીધો છે. રાજ્યમાં લગ્ન પ્રણાલીમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા અને છેતરપિંડી રોકવા માટે હવે એક નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવી રહી છે.

નવા નિયમ અંતર્ગત, જો કોઈ પણ મુસ્લિમ પુરુષ કે સ્ત્રી કોઈ બિન-મુસ્લિમ વ્યક્તિ સાથે લગ્ન કરવા ઈચ્છે છે, તો તેમણે નિકાહ કરતા પહેલા છત્તીસગઢ વક્ફ બોર્ડ પાસેથી સત્તાવાર પૂર્વ પરવાનગી એટલે કે એનઓસી લેવી ફરજિયાત રહેશે. બોર્ડના જણાવ્યા અનુસાર આ ઐતિહાસિક નિયમ ઓગસ્ટ ૨૦૨૬ થી સમગ્ર રાજ્યમાં કડક રીતે લાગુ કરી દેવામાં આવશે.

વક્ફ બોર્ડના આકરા વલણના કારણે હવે નકલી ઓળખ ઉભી કરીને, ખોટા નામ ધારણ કરીને કે અસલી દસ્તાવેજો છુપાવીને લગ્ન કરનારા તત્વો પર કાનૂની સિંજોગો કસાશે.

આ નવી સિસ્ટમ હેઠળ માત્ર લગ્ન કરનાર યુગલ જ નહીં, પરંતુ નિકાહ પઢાવતા મૌલવીઓ માટે પણ કડક ગાઈડલાઈન જાહેર કરાઈ છે. હવેથી રાજ્યના તમામ મૌલવી ઓએ વક્ફ બોર્ડમાં ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે.

માત્ર નોંધાયેલા મૌલવીઓ જ નિકાહ કરાવી શકશે અને જો કોઈ મૌલવી બોર્ડની પરવાનગી વિના આવા આંતરધાર્મિક લગ્ન કરાવશે, તો તેમની સામે સીધી કાનૂની કાર્યવાહી કરીને જેલમાં મોકલવામાં આવશે.

## કેરળના વાયનાડમાં મોટું ભૂસ્ખલનઃ ૨ શ્રમિકોના મોત, અનેક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા

### ૨૪ કલાકમાં ૨૬૫ મીમી વરસાદઃ મુખ્યમંત્રીની કટોકટીની બેઠક અને યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેરળના વાયનાડ જિલ્લામાં સતત પડી રહેલા મુશળધાર વરસાદના કારણે ગઈકાલે એક ભયાનક ભૂસ્ખલન (લેન્ડસ્લાઇડ) થતાં ભારે તબાહી સર્જાઈ છે. આ કુદરતી હોનારતમાં બે લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. આ દુર્ઘટના મલપ્પુરમ અને વાયનાડ જિલ્લાને જોડતાં અનાક્કામપોયલ-મેપ્પાડી ટનલ રોડ પ્રોજેક્ટના નિર્માણ સ્થળની નજીક, કલ્લાડી ખાતે મીનાક્ષી બ્રિજ પાસે ઘટી હતી. ઘટના સમયે ત્યાં બાંધકામ ક્ષેત્રે કામ કરતાં શ્રમિકો હાજર



હતા અને ટનલ પ્રોજેક્ટના વાહનોને પણ ભારે નુકસાન થયું છે. આ ઘટનાને લઈને કેરળ સરકારના મંત્રી ટી. સિદ્દીકે ગંભીર આક્ષેપો કરતા આ દુર્ઘટનાને ''મેન-મેડ લેન્ડસ્લાઇડ'' (માનવસર્જિત ભૂસ્ખલન) ગણાવી છે. મંત્રીના જણાવ્યા મુજબ, જિલ્લા કલેક્ટરે કોંકણ રેલવેને આ સ્થળે ભૂસ્ખલન થવાના જોખમ અંગે અગાઉથી જ લેખિતમાં ચેતવણી આપી હતી, પરંતુ તેમના દ્વારા કોઈ પગલાં લેવાયા નહોતા. વહીવટીતંત્રએ ૨૦ જૂનના રોજ આદેશ આપીને કન્સ્ટ્રક્શન સાઇટ પરથી માટી હટાવવા જણાવ્યું હતું, જેનો કોન્ટ્રાક્ટરે અમલ કર્યો નહોતો. તેમણે ૨૦૨૪માં વાયનાડના મુંડક્કાઈમાં થયેલા ભૂસ્ખલનનો ઉલ્લેખ કરી આવી બેદરકારી સામે કડક વલણ અપનાવવાની વાત કહી છે. અધિકારીઓના

અનુ પાના નં.૨ પર

## વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા માટે કૃષિ ક્ષેત્રમાં મોટું પગલું

### ૨૦ લાખ ખેડૂતોને સીધો લાભ આપતી 'પ્રગતિ' પરિયોજનાનો આરંભ



**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં ખેતી અને ખેડૂતોની સમૃદ્ધિ એ પાયાની જરૂરિયાત છે, ત્યારે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે દેશના કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે મહત્વકાંક્ષી 'પ્રગતિ' પ્રોજેક્ટનો શુભારંભ કર્યો છે. આ પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના ૨૦ લાખથી વધુ ખેડૂતોને સશક્ત બનાવવાનો અને ૨૦,૦૦૦થી વધુ કૃષિ ઉદ્યમીઓને પ્રોત્સાહન આપી કૃષિ ક્ષેત્રને આધુનિક અને નફાકારક બનાવવાનો છે.

આ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપતા કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, વિકસિત ભારતનું નિર્માણ ત્યારે જ શક્ય છે જ્યારે આપણા ગામડાં સમૃદ્ધ બને અને ખેડૂતો આર્થિક રીતે સધ્ધર થાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની આવક વધારવા અને કૃષિ ક્ષેત્રમાં નવીનતમ ટેકનોલોજીના ઉપયોગ માટે સતત પ્રયત્નશીલ છે. સરકારના આ મિશનમાં જ્યારે અન્ય સામાજિક અને વ્યવસાયિક સંગઠનો જોડાય છે, ત્યારે વિકાસની ગતિ અનેકગણી વધી જાય છે.

આ પરિયોજનાના ભાગરૂપે સરકારે એક મહત્વનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જેના અંતર્ગત દેશભરમાંથી ૨૬,૦૦૦ નાના કૃષિ ઉદ્યમીઓની પસંદગી કરી તેમને વિશેષ તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાના સ્તરે ખેતી સાથે સંકળાયેલા ઉદ્યમીઓને આધુનિક ખેતી પદ્ધતિઓ, વેલ્યુ એડિશન અને બજાર વ્યવસ્થા અંગે સજ્જ કરવાનો છે. આ તાલીમબદ્ધ ઉદ્યમીઓ આગળ જઈને લાખો ખેડૂતો માટે માર્ગદર્શક સાબિત થશે અને તળિયાના સ્તરે કૃષિ ઉત્પાદકતામાં

અનુ પાના નં.૨ પર

## સંકટમાં સુરતઃ ૨ કલાકમાં ૪.૪૧ ઈંચ વરસાદ ખાબકતા જનજીવન અસ્ત-વ્યસ્ત

**સમય સંદેશઃ સુરત**

શહેરમાં સોમવારે બપોર બાદ પડેલા ધોધમાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું હતું. થોડા જ સમયમાં ભારે વરસાદ વરસવાને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મુખ્ય માર્ગો પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા, જ્યારે કેટલીક જગ્યાએ ડ્રેનેજના પાણી પાછા વળવાની (બેક મારવાની) ફરિયાદો પણ સામે આવી હતી. અડાજણ, સલાબતપુરા, કતારગામ, વરાછા, પાલનપુર અને ઉધના સહિતના અનેક વિસ્તારોમાં



જળબંબાકારની સ્થિતિ સર્જાતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રાજ્યમાં સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીમાં એટલે કે ૧૨ કલાકમાં ૯૮ તાલુકામાં

અનુ પાના નં.૨ પર

### ગુજરાત પર ત્રણ-ત્રણ સિસ્ટમ સક્રિયઃ આગામી ૨૪ કલાક કટોકટી ભર્યા, ૮ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદનું 'રેડ એલર્ટ'

ગુજરાત પર એકસાથે ત્રણ ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને વેલ માર્ક લો પ્રેશર સક્રિય થતાં હવામાન વિભાગે રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની હાઈ એલર્ટ આગાહી જાહેર કરી છે. ચોમાસાની મુખ્ય લાઇન સમગ્ર રાજ્યમાંથી પસાર થઈ રહી હોવાના કારણે આગામી ૨૪ કલાક ખૂબ જ કટોકટીભર્યા બની રહેશે, જેમાં સુરત, ભાવનગર, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલી સહિતના ૮ જિલ્લાઓમાં 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. ખરાબ હવામાનને પગલે માછીમારોને દરિયો ન ખેડવા અને દરિયાકાંઠાના તમામ પોર્ટ પર ૩ નંબરનું સિગ્નલ લગાડવાના આદેશ અપાયા છે, જ્યારે અમરેલી, ગીર સોમનાથ, ભરૂચ સહિતના વિસ્તારોમાં 'ઓરેન્જ એલર્ટ' અને અમદાવાદ-ગાંધીનગરમાં કડાકા-ભડાકા સાથે થન્ડરસ્ટોર્મ એક્ટિવિટીની આગાહીને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક વહીવટી તંત્રને સજ્જ કરી દેવામાં આવ્યું છે.

### મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવોઃ શરદ પવાર જૂથ NDAમાં જોડાશે તેવી અટકળો તેજ

**સમય સંદેશઃ મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા ઉલટફેરની ચર્ચાઓ જાગી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરદ પવારની આગેવાની હેઠળની NCP (SP)નો કોંગ્રેસમાં વિલય કરવાનો પ્રસ્તાવ મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓના વિરોધને કારણે નબળો પડ્યો છે. આ સ્થિતિ વચ્ચે એવી જોરદાર અટકળો ચાલી રહી છે કે પક્ષ હવે સત્તાધારી ગઉઅ (રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન) સાથે જોડાવા અથવા તેને બહારથી સમર્થન આપવાના વિકલ્પ પર વિચાર કરી રહ્યો છે. રાજકીય વર્તુળોમાં તો એવી પણ ચર્ચા છે કે સુપ્રિયા સુલે સહિત પક્ષના સાંસદો NDAમાં સામેલ થઈને કેન્દ્રમાં મહત્વની જવાબદારી સંભાળી શકે છે. બીજી તરફ શરદ પવાર જૂથે આ તમામ ચર્ચાઓને સખત શબ્દોમાં નકારી કાઢી છે. પક્ષના નેતા રોહિત પવારે સ્પષ્ટતા કરી છે કે, તેમની પાર્ટી ન તો કોંગ્રેસમાં વિલય કરવાની છે અને ન તો NDA સાથે જોડાવાનો કોઈ પ્રશ્ન ઊભો થાય છે,


## શ્રી કૃષ્ણના જન્મસ્થળની મુક્તિ માટે અયોધ્યા જેવી કાર સેવા યોજાશે

### ચિત્રા ગુપ્ત પીઠાધીશ્વર સચ્ચિદાનંદ મહારાજે શ્રી કૃષ્ણ જન્મભૂમિ કાર સેવાની જાહેરાત કરીઃ અયોધ્યાની જેમ વિવાદિત ગુંબજને તોડી પાડવાની તારીખ પણ નક્કી કરી

**સમય સંદેશઃ મથુરા**

રામ મંદિરમાં દાનની ચોરીનો મુદ્દો ગરમાઈ રહ્યો છે, ત્યારે મથુરામાં એક નવો વિવાદ ઉભરી રહ્યો છે. આ મામલો શ્રી કૃષ્ણના જન્મસ્થળ સાથે સંબંધિત છે. અયોધ્યાની જેમ અહીં પણ વિવાદિત માળખું/ગુંબજ તોડી પાડવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ હેતુ માટે, ઔપચારિક બેઠકો અને મેળાવડા થઈ રહ્યા છે. ચિત્રગુપ્ત પીઠાધીશ્વર સ્વામી સચ્ચિદાનંદ મહારાજે જન્મભૂમિ ચળવળ અંગે આંતરરાષ્ટ્રીય કથાકાર ઠાકુર દેવકીનંદન સાથે મુલાકાત કરી છે. સચ્ચિદાનંદ મહારાજે શ્રી



કૃષ્ણના જન્મસ્થળની મુક્તિ માટે વિવાદિત ગુંબજ તોડી પાડવાની જાહેરાત કરી છે, અને દેવકીનંદન ઠાકુરે તેમનો ટેકો વ્યક્ત કર્યો છે. કૂચ માટે તારીખ અને સમય પણ નક્કી કરવામાં આવ્યો છે.

ખરેખર, ચિત્રગુપ્ત પીઠાધીશ્વર સચ્ચિદાનંદ મહારાજે મથુરામાં શ્રી કૃષ્ણના જન્મસ્થળની મુક્તિ માટે આંતરરાષ્ટ્રીય કથાકાર ઠાકુર દેવકીનંદન મહારાજ સાથે મુલાકાત કરી હતી અને ૯ ઓગસ્ટ, ક્રાંતિ દિવસના રોજ વિવાદિત ગુંબજ તોડી પાડવા માટે તેમનો ટેકો માંગ્યો હતો. ઠાકુર

અનુ પાના નં.૨ પર

## અમદાવાદ બ્લાસ્ટ કેસઃ હાઈકોર્ટે સજાના ચુકાદા પર ૩ મહિનાનો સ્ટે આપ્યો, આરોપીઓ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે



**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે ગઈકાલે એક મહત્વનો નિર્ણય લીધો છે. હાઈકોર્ટે પોતાના જ ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે (સ્થગિતતા) આપ્યો છે. ગઈકાલે સવારે હાઈકોર્ટે ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોની આજીવન કેદની સજા યથાવત રાખવાનો આદેશ આપ્યો હતો. જે બાદ આરોપીઓ તરફથી દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) માં અપીલ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો. અદાલતે આ માંગને ધ્યાને રાખી આગામી ૩ મહિના સુધી સજાના અમલ પર રોક લગાવી છે, જેથી દોષિતો આ સમયગાળા દરમિયાન સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવી શકશે.

ઉલ્લેખનીય છે કે, ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદના અલગ-અલગ ૨૦ વિસ્તારોમાં ૨૧ જેટલા ભયાનક સિરિયલ બોમ્બ વિસ્ફોટો કરવામાં આવ્યા હતા. આ આતંકી હુમલામાં ૫૬ નિર્દોષ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા અને ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ભારતીય ન્યાયિક ઇતિહાસમાં પહેલીવાર નીચલી અદાલતે એકસાથે ૩૮ આરોપીઓને ફાંસીની સજા ફટકારી હતી. આ ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યારે બીજી તરફ ૪૮ આરોપીઓએ પણ સજા સામે

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### એઆઈ: દરેક ધંધા ગળી જતો રાક્ષસ !

અત્યારે આ બધી ટેકનોલોજિકલ ધમાલ આમ આદમીને ન સમજાય તે સ્વાભાવિક છે, પરંતુ ઉક્ત ઘટનાક્રમોના પ્રભાવથી તે હવે મુક્ત નહિ રહી શકે. સરહદો કે વિવાદો કે નકશાઓ વગરનું આ વિભાજન વધુ મહત્વપૂર્ણ બને છે, જયારે આવનારા નજીકના યુગમાં દરેક દેશને અઈ ના પ્રકાશમાં જોવામાં આવશે. વિપુલ શક્તિ, અતિ નિષ્ણાત અને વિદ્વત્તાપૂર્વક બેઠેલી કંપનીઓ જે ઉચ્ચ પગાર પર દુર્લભ પ્રતિભાઓને ભાડે રાખે છે, અને પાછલા વર્ષની ક્ષમતાઓને વટાવી જવા માટે સ્પર્ધાત્મક ઉત્સાહ સાથે નીતિ અવરોધોને દૂર કરવાની ઈચ્છાશક્તિ ધરાવે છે એ જ અનેક દેશોના ભવિષ્યની જનમ કુંડળી તૈયાર કરશે. યુનોનો આ અહેવાલ વૈજ્ઞાનિક સંશોધનમાં એઆઈ ટેકનોલોજીની પરિવર્તનશીલ સંભાવના પર પણ પ્રકાશ પાડે છે, જેનો વિકાસ સોશિયલ મીડિયાના વિકાસ કરતાં ઘણો ઝડપથી થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા ઉદ્યોગ પાસે જવાબદારીર્પૂર્વક કાર્ય કરવાનો સમય છે, છતાં તેણે જાહેર ચર્ચાને વિકૃત કરી છે અને લોકશાહીને અસર કરી છે, લોકો વાસ્તવિક સમયમાં શું થઈ રહ્યું છે તે સમજી શકે તે પહેલાં જ એના પરના રંગ બેરંગી વિધાનો ધોધની જેમ એમની હથેળી પર પડે છે. તે સ્પષ્ટ નથી કે વ્યક્તિગત દેશો, ચીન કે યુનાઈટેડ સ્ટેટ્સ પણ, અઈ વિકાસની ગતિને અર્થપૂર્ણ રીતે રોકવાની શક્તિ ધરાવે છે કે કેમ. બેજવાબદારીપૂર્વક કાર્ય કરતી અઈ કંપનીઓએ પહેલાથી જ અન્ય કોઈપણ ઉદ્યોગમાં અસહ્ય નુકસાન પહોંચાડયું છે. અઈ મોડેલોએ કિશોરો અને પુખ્ત વયના લોકોને જોખમી કલ્પનાઓમાં ફસાવી દીધા છે. તેઓએ વર્લ્ડ વાઈડ વેબને સપાટ કરી દીધું છે, જાહેર જનતા સુધી માહિતી પહોંચાડવાના તેના મિશન માટે સંસાધનો સમર્પિત કરવાની ન્યુઝ મિડીયાની ક્ષમતા પર ગંભીર અસર કરી છે. તેઓએ એક ડીપ ફેક રોગચાળો ફેલાવ્યો છે જેણે લેખિત શબ્દ અને છબીઓ બંને પર વિશ્વાસ ગુમાવ્યો છે અને તેઓએ કૃત્રિમ સામાન્ય બુધ્ધિના તેમના વચનોને વૈશ્વિક નાણાકીય પ્રણાલીઓ સાથે જોડયા છે, જેનાં સંભવિત વિનાશક આર્થિક પરિણામો હવે પછી સપાટી પર આવવાનાં છે. સરકારો માટે સૌથી મહત્ત્વપૂર્ણ કાર્યએ છે કે જયારે જરૂર પડે ત્યારે આ કંપનીઓને કેવી રીતે જવાબદાર ઠેરવવી, કારણ કે આ વાતચીતમાં પાછળ રહેવાથી – ભલે ઉદ્યોગના નેતાઓ ગ્લોબલ સાઉથની ચિંતાઓને અવગણે – નોંધપાત્ર પરિણામો આવી શકે છે. ભારતે આ દાયકાની તકનીકી પ્રગતિમાં પોતાને મોખરે ન રાખવાની કિંમત પહેલેથી જ અનુભવી છે.



# હાલારના હાલહવાલ



## કલ્યાણપુરમાં ઉંડા ખાડામાં ખાબકેલા શ્વાનનું પશુ સંસ્થા દ્વારા સફળ રેસ્કયુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અબોલ જીવોની નિ:સ્વાર્થ સેવા માટે સતત કાર્યરત એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વધુ એક જીવદયાનું સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. કલ્યાણપુર તાલુકાના રાણ ગામમાં અંદાજે ૭૦ ફૂટ ઊંડા એક ખુલ્લા કૂવામાં શ્વાન ખાબક્યો હોવાની જાણ સ્થાનિક ગ્રામજનો દ્વારા એનિમલ કેર ચેરિટેબલ ટ્રસ્ટને કરવામાં આવી હતી. જેની જાણ થતા સંસ્થાની રેસ્ક્યુ ટીમ તાકીદે જરૂરી રેસ્ક્યુ સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી.



અહીં પહોંચ્યા બાદ કૂવો ખૂબ જ ઊંડો અને જોખમી હોવાનું સામે આવ્યું હતું. કૂવામાં પડેલો શ્વાન ડરી ગયેલી હાલતમાં જીવન બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. જે પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સંસ્થાના સભ્યોએ ખૂબ જ સાવચેતી અને આયોજન સાથે રેસ્ક્યુ કામગીરી શરૂ કરી હતી. દોરી અને અન્ય જરૂરી સુરક્ષા સાધનોની મદદથી સંસ્થાના સભ્યો કૂવામાં ઉતર્યા હતા. ભારે જહેમત, ધીરજ અને કુશળતા સાથે શ્વાનને સુરક્ષિત રીતે પકડી બહાર લાવવામાં આવ્યો હતો. રેસ્ક્યુ પૂર્ણ થતાં શ્વાન સંપૂર્ણપણે સલામત હોવાનું જાણવા મળ્યું, જેને જોઈને સ્થળ પર ઉપસ્થિત ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ સફળ રેસ્ક્યુ કામગીરીમાં કુણાલ વાઘેલા, વિશેષ દેસાણી, દેશુર ધમા અને વિશાલ સગર દ્વારા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી હતી. ટીમના સભ્યોએ પોતાના જીવના જોખમે અબોલ જીવનો જીવ બચાવી માનવતા અને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ખંભાળીયા નજીક પુરપાટ વેગે જતા વાહનની ઠોકરે બે બકરાઓના મોત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના કજુરડા ગામના પાટીયા પાસે વિજયનગર ખાતે રહેતા લખાભાઈ ગાંગાભાઈ ખાંભલા નામના ૪૦ વર્ષના માલધારી યુવાન પોતાના બકરાઓ લઈને સીમમાં ચરાવવા ગયા હતા.

ત્યારે કજૂરડા પાટીયાથી દેવરીયા ગામના પાટીયા વચ્ચે પૂરપાટ ઝડપે આવી રહેલા એક ફોર વ્હિલર નંબર જી.જે. ૧૦ બી.આર. ૭૦૧૧ ના ચાલકે લાખાભાઈના ચાર જેટલા બકરાને અડફેટે લીધા હતા. જેના કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા બે બકરાઓના સ્થળ પર જ મોત નીપજ્યા હતા. જ્યારે અન્ય બે બકરાને ઈજાઓ થવા પામી હતી.

અકસ્માત સર્જીને આરોપી વાહન ચાલક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ બનાવ અંગે ખંભાળિયા પોલીસએ લખાભાઈ ખાંભલા માલધારીની ફરિયાદ પરથી ફોર વ્હિલર ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## દ્વારકામાં વોટર સ્પોર્ટસ પ્રવૃત્તિઓ માટે સબંધિત અધિકારી પાસે ઓપરેશન પરવાનગી અનિવાર્ય

**સમય સંદેશઃ દ્વારકા**

રાજ્ય સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના નોટીફીકેશનથી ઈનલેન્ડ વેસલ્સ (રજીસ્ટ્રેશન, સર્વે એન્ડ ઓપરેશન ઓફ કલાસ) નિયમો હેઠળ કેટેગરી-સી માં આવતા વેસલ્સ (૧૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતા વેસલ્સ) તથા વિભાગના નોટીફીકેશન મુજબના ૧૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતા પ્લેઝર ક્રાફટ રજીસ્ટ્રેશન કરવા અંગે કલેકટર દ્વારા આદેશો જાહેર કરાયા છે. જે મુજબ વોટર સ્પોર્ટ્સ પ્રવૃત્તિ કરવા ઈચ્છુક અરજદારો કે સંસ્થાઓએ જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરીથી 'સી' વેસલ્સના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ મેળવવાનું રહેશે. ત્યાર બાદ વેસલ્સની




ઓપરેશન પરમીશન સંબંધિત વિસ્તારના સબડીવીઝન મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી સમક્ષ અરજદાર થવાનું રહેશે. તેમના કાર્યક્ષેત્ર પુરતા વિસ્તારમાં ઈનલેન્ડ વેસલ્સ રૂલ્સથી પ્રસિધ્ધ કરવામાં આવેલા ગુજરાત ઈનલેન્ડ વેસલ્સ રૂલ્સ અને સરકારની વખતોવખતની જોગવાઈઓ મુજબ આનુષંગિક કામગીરી કરીને તેઓ દ્વારા ઓપરેશન પરવાનગીઓ આપવામાં આવશે.

## ભાણવડની વાડીઓમાં ભટકતા અસ્થિર મગજના વ્યકિતને સેવા સંસ્થા દ્વારા આશ્રય અપાયો

**સમય સંદેશઃ ભાણવડ**

માનવ સેવા માટે જાણીતા જામજોધપુર પંથકના વિશાલભાઈ આહિર અને ભાવનગર સ્થિત પોપટભાઈ આહિરના આશ્રમમાંથી છૂટા પડેલા એક અસ્થિર મગજના વ્યક્તિ છેલ્લા કેટલાક દિવસથી ભાણવડ નજીકના ગુંદા ગામના વાડી વિસ્તારમાં ભટકી રહ્યા હતા. આ અંગેની જાણ થતાં જ 'એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ'ની ટીમ તાત્કાલિક દોડી ગઈ હતી. ટ્રસ્ટના સભ્યોએ સ્થાનિકોની મદદથી આ અસહાય વ્યક્તિને શોધી, તેને આશ્રય આપી પ્રેમપૂર્વક જમાડ્યા હતા. ત્યારબાદ સઘન તપાસ કરીને તેને તેના મૂળ આશ્રમમાં સુરક્ષિત રીતે પરત પહોંચાડ્યો હતા. અબોલ જીવોની સાથે માનવતા મહેકાવતી ટ્રસ્ટની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીને ગ્રામજનો બિરદાવી રહ્યા છે. આ સેવાકાર્યમાં ગુંદા વાડી વિસ્તારના મેર યુવાનો અને એનિમલ લવર્સના પ્રમુખ અશોક ભટ્ટ, મેરામણ ભરવાડ, અનિલ પરમાર, વિશાલ ભરવાડ, પરાગ પીઠિયા અને અક્ષય જોડાયા હતા.



## ભાણવડ વિસ્તારમાં આવેલ વેરાડી સિંચાઇ યોજના આસપાસ ચોરી તસ્કરીના બનાવો

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ વિસ્તારમાં આવેલ વેરાડી બે સિંચાઇ યોજના આસપાસથી ચોરી તસ્કરીના બનાવોથી ખેડૂતોમાં ચિંતા વધી છે. તાજેતરના બનાવમાં ખેતરમાં પાણી પુરુ પાડવા માટે સિંચાઇ યોજનામાં મુકેલ ઇલેક્ટ્રીક મોટર તેમજ કેબલ સ્ટાર્ટરની ચોરી થયાની લેખિત અરજી ભીમશીભાઇ રાવલીયા તથા પ્રવિણભાઇ ગોવાભાઇએ ભાણવડ પોલીસમાં કરી છે.

ભાણવડ પંથકના સીમ વિસ્તારમાં હમણાને હમણા ચોરી તસ્કરીના રંજાડ શરુ થતાં ખેડૂતો માટે ચિંતાનો વિષય બની ગયો છે. ખાસ કરી તાલુકાના સઇ દેવડીયા ગામે વેરાડી બે સિંચાઇ યોજના આસપાસના ખેડૂતોએ વિશેષ ફરિયાદ ઉઠવા પામી છે.

વેરાડી બે સિંચાઇ યોજના આસપાસ અંદાજિત ત્રીસેક જેટલા ખેડૂતોની ઇલેક્ટ્રોનિક મોટર તેમજ કેબલ સહિતનો સામાન સિંચાઇ યોજના ઉપર ખેતરોમાં પાકને પાણી પાવા માટે કામગીરી ચાલતી હોય છે ત્યારે કહેવાતા તસ્કરો રાત્રિના સમયે અંધકારનો ફાયદો ઉઠાવી વાડી આસપાસ સિંચાઇ યોજનામાં મુકેલ ઇલેક્ટ્રીક મોટર તેમજ કેબલ સ્ટાર્ટર ઉઠાવી ગયાનો બનાવ સામે આવતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

## સીંગતેલના ભાવમાં ડબ્બે ૨૦નો વધારો

**સમય સંદેશઃ જામનગર**

હાલમાં સૌરાષ્ટ્રમાં ચાલી રહેલ ચોમાસાની સિઝનને કારણે મગફળીના પીલાણને અસર પહોચી છે અને તેની અસર સીંગતેલના ભાવ પર પડી છે. ઉઘડતી બજારે સીંગતેલમાં ડબ્બે રૂ.૨૦નો ભાવવધારો થયો છે.

વેપારી સુત્રોના જણાવ્યા મુજબ હાલ ચોમાસાને કારણે ભેજ વધી જવાને કારણે મગફળી પર અસર પડી છે અને મગફળીમાં ભેજનું પ્રમાણ વધી જવાને કારણે મીલરો દ્વારા પીલાણ ધીમું કરી દેવામાં આવ્યું છે અને તેને કારણે સીંગતેલના પુરવઠા પર અસર પહોચી છે અને તેને લીધે સીંગતેલના ભાવ જે રૂ. ૨૭૦૦ હતા તે વધીને રૂ.૨૭૨૦ થયા છે અને એક જ દિવસમાં ડબ્બે રૂ.૨૦નો વધારો થયો છે. જયારે પામઓઈલ, કપાસિયા અને સુર્યમુખીના તેલના ભાવો સ્થિર રહ્યા હતા.હાલમાં સીંગતેલમાં ઘરાકીનો અભાવ જોવા મળી રહ્યો છે.માત્ર સીંગતેલ જ નહીં બલ્કે કપાસિયા તેલમાં પણ ઘરાકી ઓઈ જોવા મળી રહી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### જીવલેણ હુમલો

(પાના નં. ૪ થી આગળ)

મોટરસાયકલ ઝડપથી ચલાવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદીને મિત્ર સમીર સુમરા અને જુનેદ વાઘેરે સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાં તેને સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે લગભગ બે મહિના અગાઉ મોટરસાયકલ ચલાવવા મુદ્દે અશરફ સુમરા અને યુવી સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી, જેનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.

### અશાંત ધારો લાગુ

(પાના નં. ૪ થી આગળ)

જીગ્નેશભાઈ નંદાની આગેવાનીમાં હિતેન્દ્રસિંહ જાડેજા, કિશોરભાઈ કારેલીયા, ભરતસિંહ જાડેજા, મૃગેશ આચાર્ય, અંકુર આચાર્ય, જય પંડયા, રવિ પંડ્યા, નિશિથ શુકલ, વ્યોમેશ લાલ, જયેશભાઈ મણિયાર, બાબાલાલ, મધુકરભાઈ, દિનેશ સામાણી, આનંદ સોલંકી, ઉષાબેન ઢાંકી, કૌશિકભાઈ (કાનો), મિહીર રાઠોડ, દર્શન સોલંકી, મીતેન ચાવડા, તેજશ જોષી, હિરેન જુંગીવાલા સહિતનાઓ જોડાયા હતાં.

### દ્વારકાના આગેવાનોને

(પાના નં. ૪ થી આગળ)

ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા ઘટનાની હકીકતો, બંને પક્ષોની રજૂઆત તેમજ અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા બાદ કાયદા મુજબની આગળની કાર્યવાહી કરવામાં આવશે હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

### જામ્યુકોની જુદી-જુદી

(પાના નં. ૪ થી આગળ)

છે. તેથી અન્ય નવા અધિકીરઓને અનુભવની તક મળતી નથી. તેથી દરેક શાખા મુજબ ક્યા અધિકારી કેટલા વર્ષથી કઈ જગ્યા ઉપર નોકરી કરે છે. તેની તપાસ કરવા અને તમામ શાખાઓમાંથી અધિકારીઓની અસર-પરસ બદલી કરવામાં આવે તે જરૂરી છે.

### જય-વીરૂના સન્માન

(પાના નં. ૩ થી આગળ)

સામેલ હતા - જે બાબત આ શ્રદ્ધાંજલિને ખૂબ જ ભાવનાત્મક બનાવે છે. ગયા વર્ષે અન્ય સિંહો સાથે પોતાના સીમાડા માટેની અથડામણ બાદ જય અને વીરુનું દુ:ખદ અવસાન થયું હતું. ગત ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તે બંનેના મૃત્યુ પછી તુરત જ, શ્રી નથવાણીએ ''જય-વીરુની જોડી'' નામના એક ભાવનાત્મક લોક-શૈલીના ગાયન અને ''જય-વીરુની અમર ગાથા'' નામની એક સંવેદનાત્મક દસ્તાવેજી રજૂ કરી હતી. આ બંને પ્રોજેક્ટ્સે બંને ડાલામથ્થાની પરસ્પરની ભાવના, અતૂટ બંધન અને અમિટ વારસાની સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી.

### પ્રસૂતિ કરાવી

(પાના નં. ૩ થી આગળ)

સુરક્ષિત રાખવા માટે, સ્ટાફે સ્થાનિક લોકોની મદદથી બંનેને ખાટલા પર બેસાડી ૫૦૦ મીટર જેટલો કાદવ-કીચડવાળો રસ્તો પગપાળા કાપી એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા હતા. ત્યારબાદ બંનેને વધુ સારવાર માટે જામજોધપુર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પરિવારે સરકાર અને ૧૦૮ની આ કર્તવ્યનિષ્ઠા બદલ આભાર માન્યો હતો.

### જુગાર દરોડામાં ૧૧

(પાના નં. ૩ થી આગળ)

શખ્સોને મીઠાપુર પોલીસે તીનપત્તિનો જુગાર રમતા રૂ. ૨,૮૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. દ્વારકા પોલીસે ટીવી સ્ટેશન વિસ્તારમાંથી વરજાંગભા હમીરભા કેર અને ડાડુભા રાજાભા બઠીયાને ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા ઝડપી લીધા હતા.

### ઈન્ડોનેશિયા મુલાકાત

(પાના નં. ૧ થી આગળ)

મિસાઇલો સપ્લાય કરશે. ઈન્ડોનેશિયા ભારત પાસેથી આશરે ૬૩ કરોડ ડોલરના સંરક્ષણ સાધનો ખરીદશે, જેનાથી ભારતની રક્ષા નિકાસ અને 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' અભિયાનને વૈશ્વિક સ્તરે જબરદસ્ત મજબૂતી મળશે. આ ઉપરાંત બંને દેશોના કોસ્ટ ગાર્ડ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં સમુદ્રી સુરક્ષા અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા સાબાંગ બંદરના વિકાસ માટે સાથે મળીને કામ કરશે.

ઔદ્યોગિક અને વ્યાપારી મોરચે પણ ગઈકાલે મહત્વના નિર્ણયો લેવાયા છે. સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ઈન્ડોનેશિયાની પીટી ક્રાકાતાઉ સ્ટીલ વચ્ચે સંયુક્ત સાહસ હેઠળ ઈન્ડોનેશિયામાં સ્ટેનલેસ સ્ટીલ સ્લેબ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. નિકલ અને રેર અર્થ મિનરલ્સના ઉત્પાદનમાં ભારતીય રોકાણથી ઇલેક્ટ્રિક વાહનો અને સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે ક્રિટિકલ મિનરલ્સની સપ્લાય ચેઇન મજબૂત બનશે. વધુમાં, ઈન્ડોનેશિયા પોતાની ચૂંટણી વ્યવસ્થાને આધુનિક બનાવવા માટે ભારતીય ચૂંટણી પંચની મદદથી વિશેષ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન ટેક્નોલોજીનો લાભ લેશે.

ગઈકાલે થયેલા અન્ય કરારોમાં બંને દેશોએ શાંતિપૂર્ણ હેતુઓ માટે અવકાશ ક્ષેત્રે સંયુક્ત વૈજ્ઞાનિક સંશોધન અને સેટેલાઇટ ટેક્નોલોજીમાં સહકાર વધારવાનું નક્કી કર્યું છે. કૃષિ ક્ષેત્રે ભારત ઈન્ડોનેશિયાની ખાદ્ય સુરક્ષા માટે DWR-162 જાતિના ૧૦૦ ટન ઉચ્ચ ગુણવત્તાવાળા ઘઉંના બીજ પૂરા પાડશે. આ સાથે જ સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધોને યાદ કરતા વડાપ્રધાન મોદીએ ઈન્ડોનેશિયાના યોગ્યાકાર્તામાં આવેલા વિશ્વવિખ્યાત પ્રમ્બાનન મંદિર સમૂહના સંરક્ષણ અને પુનઃસ્થાપન કાર્યમાં ભારત તરફથી સંપૂર્ણ તકનીકી અને આર્થિક સહયોગ આપવાની જાહેરાત કરી છે.

### મોટું ભૂસ્ખલન

(પાના નં. ૧ થી આગળ)

જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૫ મીમી જેટલો ભારે વરસાદ ખાબક્યો છે, જેને કારણે આ ભૂસ્ખલન થયું છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાયનાડ અને કોઝીકોડની બે ટીમોના ૬૦ જવાનો અને ફાયર સર્વિસની ટીમ સ્થાનિકોની મદદથી યુદ્ધના ધોરણે બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં કાટમાળમાંથી છ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયા છે. દુર્ઘટનાની ગંભીરતાને જોતાં કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીશને કટોકટીની બેઠક બોલાવીને મંત્રીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જાતે જ બચાવ કાર્યોની દેખરેખ રાખવાની સૂચના આપી છે.

### વિકસિત ભારત

(પાના નં. ૧ થી આગળ)

વધારો કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સરકારનું માનવું છે કે, આ પ્રકારની પહેલથી માત્ર ખેતી જ નહીં, પરંતુ ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની નવી તકો પણ ઊભી થશે. આ સંપૂર્ણ પરિયોજનાનું અમલીકરણ આગામી સમયમાં ભારતીય કૃષિ ક્ષેત્રમાં એક નવી પ્રગતિશીલ ક્રાંતિ લાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### સંકટમાં સુરત

(પાના નં. ૧ થી આગળ)

વરસાદ વરસ્યો છે. સુરત સિટીમાં સૌથી વધુ ૪.૪૧ ઇંચ વરસાદ ખાબક્યો છે. કામરેજમાં ૩.૩૧ ઇંચ, જ્યારે વલસાડના વાપીમાં ૪.૧૩ ઇંચ, પારડીમાં ૪.૦૯ ઇંચ અને નાનપોંઢામાં ૨.૯૯ ઇંચ વરસાદ નોંધાયો છે.

બપોર પછી શરૂ થયેલા મુસળધાર વરસાદે સુરતના મોટાભાગના વિસ્તારોને પાણીમાં ગરકાવ કરી દીધા હતા. સતત વરસી રહેલા વરસાદને કારણે મુખ્ય માર્ગો, આંતરિક રસ્તાઓ તેમજ નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. ઓફિસ છૂટવાનો સમય નજીક હોવાથી રસ્તા પર વાહનોની વધારે અવરજવર હતી. જેમાં પાણી ભરાઈ જતાં અનેક સ્થળોએ ચક્કાજામ સર્જાયો હતો. આ સ્થિતિને કારણે વાહનચાલકોને લાંબા સમય સુધી રસ્તા પર અટવાઈ રહેવું પડ્યું હતું.

અનેક સ્થળોએ મુખ્ય માર્ગ પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં દ્વિચક્રી અને મોટાં વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા. કેટલાક વાહનો બંધ પડી જતાં વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા. આ દરમિયાન ભારે પવનના કારણે આ વિસ્તારમાં એક વૃક્ષ ધરાશાયી થવાની ઘટના પણ બની હતી. જેનાથી વાહનવ્યવહાર વધુ પ્રભાવિત થયો હતો અને લોકોની સમસ્યા બમણી થઈ ગઈ હતી. બીજી તરફ, કેટલાક સ્થળોએ ગટરના ઢાંકણામાંથી ગંદુ પાણી બહાર આવતા વરસાદી પાણી સાથે ગંદકી પણ રસ્તાઓ પર ફરી વળી હતી.

### અયોધ્યા જેવી કાર સેવા

(પાના નં. ૧ થી આગળ)

દેવકીનંદન મહારાજે કાર સેવા માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. સ્વામી સચ્ચિદાનંદ મહારાજે જાહેરાત કરી હતી કે શ્રી કૃષ્ણના જન્મસ્થળની મુક્તિ માટે ૯ ઓગસ્ટના રોજ બીજી કાર સેવા યોજાશે. આ કાર સેવા માટે, બ્રજવાસી, સંતો અને ધાર્મિક નેતાઓનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે અને તેમને જોડાવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય કથાકાર ઠાકુર દેવકીનંદન મહારાજે પણ કાર સેવા માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે.

સ્વામી સચ્ચિદાનંદ મહારાજની જાહેરાત બાદ, શાહી ઈદગાહ મસ્જિદ સમિતિએ પણ એક નિવેદન બહાર પાડ્યું. સમિતિના સચિવ અને પક્ષકાર તનવીર અહેમદે કહ્યું કે જ્યાં કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે ત્યાં આવી વાણી-વર્તન અયોગ્ય છે. દરેકને કોર્ટ અને બંધારણમાં વિશ્વાસ છે. રામ મંદિરનો મુદ્દો અલગ છે. ત્યાં, રામ લલ્લા તાડપત્રી નીચે બેઠા હતા. અહીં, મંદિર અલગ છે અને મસ્જિદ અલગ છે. બંને તરફ જવાના રસ્તા પણ અલગ છે. મસ્જિદમાં પાંચ વખતની નમાજ થાય છે, જ્યારે ત્યાં ભજન અને પૂજા કરવામાં આવે છે. બંને પરસ્પર ભાઈચારાના પ્રતીક છે.

### અમદાવાદ બ્લાસ્ટ કેસ

(પાના નં. ૧ થી આગળ)

હાઇકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. આ કેસના સમગ્ર ઘટનાક્રમ પર નજર કરીએ તો, ૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ અમદાવાદની વિશેષ અદાલતે કુલ ૭૮ આરોપીઓમાંથી ૪૯ને દોષિત ઠેરવ્યા હતા અને ૨૮ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ કોર્ટે ૩૮ દોષિતોને ગેરકાયદે પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ અને હત્યાની કલમ હેઠળ ફાંસી તેમજ ૧૧ને આજીવન કેદની સજા ફટકારી હતી. અદાલતે તમામ દોષિતો પર લાખો રૂપિયાનો દંડ કરવાની સાથે મૃતકોના આશ્રિતો અને ઇજાગ્રસ્તોને આર્થિક વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો.

# જામનગરના પટણીવાડમાં જૂનવાણી મકાનની છત ધડાકાભેર તૂટી પડતાં અફડા તફડી









તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરમાં સોમવારે થયેલા ધમાકેદાર વરસાદ થયો હતો. તે વરસાદ થવાની સાથે જર્જરીત હુસેનીબાગ હોલની છત ધડાકાભેર ધરાશાઇ થતા લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. શહેરના પટણીવાડ વિસ્તારમાં સદામ રેસ્ટોરન્ટ સામે હુસેનીબાગ હોલની ભયજનક અને જર્જરીત ઈમારતની છત ધડાકાભેર તૂટી પડી હતી. જેને લઈને આસપાસમા રહેતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. તેમજ આ બનાવને લઈને લોકોના ટોળા એકત્ર થયા હતા. જો કે સદનશીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

# જામનગર પીજીવીસીએલ સર્કલ હેઠળ આવતા ૨૪,૮૫૦ ઘરોમાં લાગ્યા સોલાર પેનલ યુનિટ

**સમય સંદેશઃ જામનગર**

આજના ડિજિટલ અને આધુનિક યુગમાં દિવસેને દિવસે ઊર્જાની જરૂરિયાત બમણી થઈ રહી છે. ત્યારે ઊર્જાની ખપતને પહોંચી વળવા માટે સોલાર ઊર્જા અનેક પરિવારો માટે આશીર્વાદ સમાન વિકલ્પ બની છે. જામનગર, દ્વારકા સહિત હાલાર પંથકમાં પણ સોલાર ક્રાંતિને વેગ મળી રહ્યો છે. લોકો સૌર ઊર્જા પ્રત્યે જાગૃત થયા છે અને જામનગર પીજીવીસીએલ સર્કલ હેઠળ આવતા વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૪,૮૫૦ પરિવારોએ સોલાર સિસ્ટમ અપનાવી છે.

જામનગર સર્કલ હેઠળ આવતા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના અંતર્ગત સોલાર રૂફટોપને નોંધપાત્ર વેગ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૨૪,૮૫૦ ઘરોમાં આ યોજનાનો સફળ અમલ થઇ ચૂક્યો છે. જેને લઇને આ પરિવારોનું વિજ



બીલ લગભગ શૂન્ય થયું છે. આથી ખર્ચમાં પણ ઘટાડો થયો છે. રૂફટોપ સોલાર માટે હાલ સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. જેમાં ૧ કિલોવોટ સિસ્ટમ હેઠળ રૂ. ૩૦ હજારથી લઇને ૩ કિલોવોટ કે તેથી વધુ સિસ્ટમ માટે મહત્તમ રૂ. ૭૮ હજારની રકમ સરકાર દ્વારા સીધા જ ગ્રાહકના ખાતામાં જમાં કરવામાં આવે છે ત્યારે હાલારમાં જરૂરી ચકાસણી પૂર્ણ થયા પછી સીધી લાભાર્થીના બેંક ખાતામાં રૂ. ૧૯૩ કરોડની રકમ જમાં કરી દેવામાં આવી છે. આ સબસીડી ઉપરાંત લાંબા ગાળે તેમાંથી વીજળી વેંચીને પણ લોકો કમાણી કરી શકે છે. એટલે કે માત્ર વીજબિલમાં બચત જ નહીં, પરંતુ વધારાની વીજળી ગ્રીડમાં આપીને આર્થિક લાભ પણ મેળવી શકાય છે.

જે અંતર્ગત ઘરમાં નેટ મીટર લગાવવામાં આવે છે. જેટલી વીજળી વાપરાઈ છે તે બાદ વધારાની વીજળી આપમેળે ગ્રીડમાં જાય છે અને તેના રૂપિયા જેતે ગ્રાહકને મળે છે. આ યોજનાનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોને પોતાના મકાનની છત પર સોલાર પેનલ લગાવવા જાગૃત અને પ્રોત્સાહિત કરવાનો છે, જેથી તેઓ પોતાની વીજળી જાતે ઉત્પન્ન કરી શકે અને માસિક વીજબીલમાં બચત મેળવી શકે. જામનગર અને દ્વારકા જિલ્લામાં હજારો પરિવારો હવે સૂર્યઊર્જાનો ઉપયોગ કરી રહ્યા છે. પરિણામે વીજળીના ખર્ચમાં ઘટાડો થયો છે, પર્યાવરણને અનુકૂળ ઊર્જાનો ઉપયોગ વધી રહ્યો છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ મળી રહી છે.

# ગીરની આઇકોનિક સિંહ બેલડી જય-વીરૂના સન્માનમાં બેકલાઇટ બોર્ડનું અનાવરણ કરતા પરિમલ નથવાણી

**સમય સંદેશઃ જામનગર**

ગીર જંગલની સૌથી સુપ્રસિદ્ધ અને અતિપ્રિય સિંહ બેલડીને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ અર્પણ કરતા, જાણીતા સિંહપ્રેમી અને રાજ્યસભા સાંસદ, શ્રી પરિમલ નથવાણીએ સાસણ ગીરમાં સિંહસદન અને દેવાળીયા સફારી પાર્ક ખાતે 'જય-વીરુ'ને દર્શાવતા બેકલાઇટ બોર્ડનું અનાવરણ કર્યું હતું.

જય-વીરુનું આ બેકલાઇટ બોર્ડ શ્રી નથવાણી તરફથી તેમના હૃદયમાં સવિશેષ સ્થાન ધરાવતા આ સિંહ બેલડીને આપેલી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ છે. આ પ્રસંગે વન સંરક્ષક (વાઇલ્ડલાઇફ સર્કલ, જૂનાગઢ) શ્રી રામ રતન




નાલા, તેમની વન અધિકારીઓની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ વિશે જણાવતા, શ્રી પરિમલ નથવાણીએ કહ્યું હતું કેઃ ''અમે ઇચ્છીએ છીએ કે સાસણ ગીરની મુલાકાત લેનારા દરેક પ્રવાસી અને વન્યજીવન પ્રેમી જય-વીરુના વારસાને સારી રીતે જાણે. તે બંને ગીરના જંગલની અત્યાર સુધીની સૌથી નીડર, ભવ્ય અને અવિભાજ્ય સિંહ બેલડીઓમાં સ્થાન ધરાવતા હતા. તેઓ ગીરનું સાચું ગૌરવ હતા, અને આ સ્મૃતિ દ્વારા, અમે તેમને અમર બનાવવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ.''

શ્રી નથવાણીએ આ સિંહજોડી સાથે જોડાયેલી પોતાની ઊંડી અંગત લાગણીઓને પણ જણાવતા એ યાદ કર્યું હતું કે, તેઓ વન વિભાગના અધિકારીઓ સાથે તેમના નામકરણમાં સક્રિય રીતે

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિત્તિની કરાતી રચના









તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતની કારોબારી સમિત્તિ સહિત કુલ આઠ સમિત્તિના સભ્યો તેમજ અધ્યક્ષની વરણી જાહેર કરાઇ હતી.

કારોબારી સમિત્તિના સભ્યોની દરખાસ્ત પ્રધુમનસિંહ ઝાલાએ રજૂ કરી હતી. જેમાં અધ્યક્ષ તરીકે સુનિલભાઇ રાઠોડ, સભ્ય તરીકે મહેન્દ્રસિંહ જાડેજા, કલ્પેશભાઇ માલાણી, ચેતનાબેન સુતરિયા, રાજેશભાઇ મકવાણા, મયુરીબેન ગોધાણી, અતુલભાઇ કમાણીની નિમણૂંક કરવામાં આવી હતી. આ ઉપરાંત સામાજીક ન્યાય સમિત્તિના સભ્યોના નામની દરખાસ્ત સુનિલભાઇ રાઠોડ દ્વારા રજૂ કરાઇ હતી. જેમાં ચેરમેન તરીકે લક્ષ્મીબેન વારકાસિયા અને સભ્ય તરીકે હરેશભાઇ પરમાર, સામાબેન અકબરી, બાબુલાલ હિંગડા અને દીપકભાઇ મકવાણાના નામની જાહેરાત કરાઇ હતી.

જિલ્લા શિક્ષણ સમિત્તિના સભ્યો તરીકેના નામની દરખાસ્ત પણ સુનિલભાઇ રાઠોડ તથા કલ્પેશભાઇ માલાણીના ટેકા સાથે રજૂ કરાઇ હતી. જેમાં ચેરમેન તરીકે વર્ષાબેન માંકડિયા અને સભ્ય તરીકે કલ્પનાબેન કણઝારિયા, વનિતાબેન ઉઘાડ, પ્રધુમનસિંહ ઝાલા, લત્તાબેન સુરેલા, હરેશભાઇ પરમાર અને મયુરીબેન ગોધાણીના નામની જાહેરાત કરાઇ હતી. આરોગ્ય સમિત્તિના ચેરમેન તરીકે રાજેશભાઇ મકવાણા, લક્ષ્મીબેન વારસાકિયા, કલ્પનાબેન કણઝારિયા, પધુમનસિંહ ઝાલાના નામની દરખાસ્ત વર્ષાબેન માંકડિયા દ્વારા રજૂ કરાઇ હતી.

બાંધકામ સમિત્તિના ચેરમેન તરીકે વનિતાબેન ઉઘાડ જ્યારે સભ્ય તરીકે મહેન્દ્રસિંહ જાડેજા, કલ્પેશભાઇ માલાણી, એકતાબેન સુતિરયા અને લક્ષ્મીબેનના ચૌહાણના નામની દરખાસ્ત હરીશભાઇ પરમારે રજૂ કરી હતી. અપીલ સમિત્તિના ચેરમેન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી સભ્ય તરીકે હરેશભાઇ હીરપરા, સુનિલભાઇ રાઠોડના નામની દરખાસ્ત વનિતાબેન ઉઘાડ દ્વારા રજૂ કરાઇ હતી. સિંચાઇ સમિત્તિના ચેરમેન તરીકે અતુલભાઇ કમાણી અને સભ્ય તરીકે મંગુબેન ઠુંગાર તેમજ વર્ષાબેન માંકડિયાના નામની દરખાસ્ત કલ્પનાબેન કણઝારિયાએ કરી હતી. જ્યારે મહિલા અને બાળવિકાસ સમિત્તિના ચેરમેન તરીકે લતાબેન સુરેલા સભ્ય તરીકે લક્ષ્મીબેન ચૌહાણ, સામાબેન અકબરી અને મંગુબેન ઠુંગાના નામની દરખાસ્ત મહેન્દ્રસિંહ જાડેજાએ કરી હતી.

# ૧૦૮ કર્મીઓએ રસ્તો બંધ હોવાથી સગર્ભાની ઘરે જ પ્રસૂતિ કરાવી

## જામજોધપુરમાં માતા-નવજાતને ખાટલા પર સુવડાવી ૫૦૦ મીટર કાદવ-કીચડવાળો રસ્તો કાપી એમ્બ્યુલન્સ સુધી પહોંચાડાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામના અંતરિયાળ વાડી વિસ્તારમાં મજૂરી કામ કરતા ૩૦ વર્ષીય સગર્ભા કમલીબેન એયરને અચાનક પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડી હતી. આ તેમની ચોથી ડિલિવરી હોવાથી તેઓ તબીબી દ્રષ્ટિએ હાઈ-રિસ્ક કેટેગરીમાં આવતા હતા, જેથી પરિવારે તાત્કાલિક ૧૦૮ કટોકટી સેવાનો સંપર્ક સાધ્યો હતો.



ભારે વરસાદના કારણે ખેતરોમાં કાદવ-કીચડ જમા હોવાથી ઈ.એમ.ટી. હસમુખ સાગઠિયા અને પાયલોટ કમલેશ કંટારીયાની એમ્બ્યુલન્સ ઘર સુધી પહોંચી શકે તેમ નહોતી અને વાહન અધવચ્ચે અટકી ગયું હતું. માતાની સ્થિતિ નાજુક હોવાથી અને હોસ્પિટલ પહોંચવાનો સમય ન હોવાના કારણે ૧૦૮ સ્ટાફે પોતાની સૂઝબૂઝથી સગર્ભાના ઘરે જ સફળતાપૂર્વક અને સુરક્ષિત પ્રસૂતિ કરાવી હતી. સફળ પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુને

અનુ પાના નં.૨ પર

# ખાણખનીજ અધિકારી ઉપર હુમલો કરનારના મકાનમાંથી વીજચોરી ઝડપાઇ

**સમય સંદેશઃ જોડિયા**

જોડિયાના કુનડ ગામ નજીક ખનિજ ચોરીની તપાસ અર્થે ગયેલી ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઇન્સ્પેકટર સહિતના સાથે આરોપી રઝાકભાઈ ઉર્ફે એઝાઝ સુમારભાઈ ઝખરા (રહે. ધ્રાંગડા ગામ, તા. જામનગર)એ ઝપાઝપી કરી હતી. જેની સામે ગુનો નોંધાય બાદ આજે આરોપીના રહેણાંક મકાને પોલીસ અને પીજીવીસીએલની ટીમે સંયુક્ત તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મકાનમાં ગેરકાયદેસર રીતે વીજ પુરવઠાનો ઉપયોગ થતો હોવાનું સામે આવતા પીજીવીસીએલ દ્વારા અંદાજે રૂ. ૮૦ હજારની વીજચોરીનો કેસ નોંધવાની, દંડ વસૂલવાની અને વીજમીટર ઉતારી લેવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી અગાઉ એટ્રોસિટી એક્ટ સહિતના વિવિધ ગુનાઓમા ૪ વખત પોલીસ. ચોપડે ચડી ચૂક્યો છે.

# દ્વારકા તાલુકામાં ત્રણ સ્થળોએ જુગાર દરોડામાં ૧૧ જુગારીઓ ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાલુકાના મીઠાપુર નજીકના આરંભડા વિસ્તારમાંથી પોલીસે ખીમા સીયાભાઈ ચાનપા, દેવા ખેંગારભાઈ ચાનપા, દુદા પરબતભાઈ હાથીયા, લાખા રણમલ ચાનપા અને દેવા અરજણભાઈ ફફલ નામના પાંચ શખ્સોને ઝડપી લઇ, કુલ રૂ. ૪,૪૭૦ ની રોકડ રકમ સાથે કુલ રૂ. ૧૯,૯૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અન્ય એક દરોડામાં આંબેડકર સોસાયટીમાંથી અશોક કુંભાભાઈ માંગલીયા, જીવા મુરૂભાઈ માંગલીયા અને મંગા ઉર્ફે કરણ મુરુભાઈ ચાનપા નામના ચાર

અનુ પાના નં.૨ પર

# જામનગરની ધણશેરીમાં આવેલ ટાઇલ્સની દુકાનમાંથી ૨૪ હજાર રોકડની ચોરી

## સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બનાવનો ભેદ ઉકેલવા કવાયત હાથ ધરીઃ શકમંદની શોધખોળ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના કાલાવડ ગેઈટ રોડ પર આવેલા મોદીવાડ વિસ્તારમાં રહેતા હુશેનભાઈ મહમદઅલી કપાસીએ. જેમાં જણાવાયા અનુસાર તા.૦૧ જુલાઈના રોજ શહેરના બેડી ગેઈટ ધણ શેરી ખાડ વિસ્તારમાં આવેલી બાબજી સિરામીક એન્ડ સેનેટરી વેસ્ટ નામની દુકાનમાંથી તસ્કરે ખાતર પાડયું હતું. તા. ૧ જુલાઇના રોજ ફરિયાદી અને તનો પુત્ર દુકાને હતા.

બપોરે જમીને ફરિયાદીનો પુત્ર દુકાને પહોંચતા દુકાનમાં રહેલો સામાન વેર-વીખેર હાલતમાં જોવા મળ્યો હતો.

દુકાનમાં રહેલા ટેબલનું ખાનુ જોઈને તપાસ કરતા ટેબલના ખાનામાં રહેલા આશરે દુકાનની આજુ-બાજુના સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા એક શખ્સ દુકાનમાં રૂ.૨૪ હજાર રોકડા ગાયબ હતા આથી ટેબલના ખાનામાં રહેલા રોકડા રૂ.૨૪ હજારની ચોરી કરતો નજરે પડ્યો હતો. જેના આધારે પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.


# સલાયાનો શખ્સ વિદેશી દારૂ સાથે આબાદ ઝડપાયો

**સમય સંદેશઃ સલાયા**

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા સ્મિત નામના એક શખ્સને સ્થાનિક પોલીસે વિદેશી દારૂની ૭ નાની બોટલ ચપટા સાથે ઝડપી લઇ, ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# હાલારમાં મેઘરાજાની એન્ટ્રીઃ જામનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ, દ્વારકાના દરિયા કિનારે એલર્ટ

## જામનગરમાં વીજ ધાંધિયાઃ ઓખા બંદર પર ૩ નંબરનું સિગ્નલઃ જિલ્લામાં વિજળીના કડાકા સાથે સાર્વત્રિક વરસાદ, કાલાવડના મોટાપાંચદેવડામાં સૌથી વધુ ૨ ઈંચ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ વિજળીના કડાકા ભડાકા સાથે ગ્રામ્ય પંથકમાં અડધોથી બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ વરસાદ કાલાવડ તાલુકાના મોટાપાંચદેવડામાં ૪૮ મીમી (આશરે ૨ ઈંચ) નોંધાયો હતો. આ સિવાય જામનગર તાલુકાના મોટીબાણુંગારમાં ૨૫ મીમી, ફલ્લામાં ૯ મીમી, જામવણથલી-મોટીભલસાણમાં ૧૦ મીમી અને અલિયાબાડામાં ૧૨ મીમી વરસાદ પડ્યો હતો. જોડિયાના હડિયાણામાં ૩૦ મીમી અને બાલંભામાં ૧૫ મીમી, જ્યારે ધ્રોલના જાલિયાદેવાણીમાં ૧૨ મીમી વરસાદ નોંધાયો હતો. જામજોધપુરના જામવાડીમાં ૧૨ મીમી, વાંસજાળિયામાં ૯ મીમી અને લાલપુરના મોટાખડબામાં ૧૦ મીમી વરસાદ થયો હતો. આ વરસાદના પગલે નદી-નાળાઓ અને ચેકડેમોમાં નવા નીરની આવક થતાં ખેડૂતોમાં સારા વર્ષની આશા જાગી છે.

જામનગરમાં રાત્રે જુદા-જુદા વિસ્તારમાં ૧૦ થી ૪૦ મિનિટ સુધી વરસાદી ઝાપટું પડતાં વાતાવરણ આહલાદક બન્યું હતું અને લોકોએ પલળવાનો આનંદ લીધો હતો. જોકે, માત્ર આ સામાન્ય વરસાદમાં જ શહેરના અનેક વિસ્તારોમાં લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. પીજીવીસીએલના ફરિયાદ સેન્ટર પર ફોનની ઘંટડીઓ સતત રણકતી રહી હતી. ચોમાસા પહેલા લાખોના ખર્ચે કરાયેલી પ્રિ-મોન્સુન કામગીરી માત્ર કાગળ પર જ થઈ હોય તેમ ૨ થી ૩ કલાક સુધી વીજળી ગુલ રહેતા લોકો બફારા અને ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ચોમાસા દરમિયાન આવી સ્થિતિ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા વધારાનો સ્ટાફ સ્ટેન્ડ બાય રાખવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

હવામાન વિભાગ દ્વારા અરબી સમુદ્રમાં સર્જાયેલી પ્રતિકૂળ સ્થિતિને પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાઈ વિસ્તારો માટે ચેતવણી જાહેર કરવામાં આવી છે, જેના અનુસંધાને ઓખા બંદર પર ત્રીજા નંબરનું લોકલ કોફ્રક્ષિશક્ષલ સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. દરિયામાં ૪૧ થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની અને ઊંચા મોજા ઉછળવાની શક્યતાને પગલે બંદર તંત્ર અને દરિયાઈ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરાયા છે. તમામ માછીમારોને દરિયામાં ન જવા અને બોટોને મજબૂત રીતે લાંગરી દેવા આદેશ કરાયા છે. વહીવટી તંત્ર દ્વારા દરિયાકાંઠાના ગ્રામજનો અને પ્રવાસીઓને દરિયા કિનારે ન જવા તેમજ સેલ્ફી લેવા જેવી જોખમી પ્રવૃત્તિઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરના ગુલાબનગરમાં બાઈક ચલાવવા બાબતે જીવલેણ હુમલો

## યુવાનની ફરિયાદના આધારે પોલીસે ૪ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ગુલાબનગર આદિત્યપાર્ક શેરી નંબર-૨માં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા મોઈન હનીફભાઈ જીવરાણી (ઉવ૨૨) તા. ૬ જુલાઈની મધરાતે પોતાના મિત્ર સમીર સુમરા સાથે ગુલાબનગર સ્થિત તાજ હોટલ પાસે ચા પીવા ઊભા હતા.

તે દરમિયાન અશરફ સુમરા લાકડાનો ધોકો, આફતાબ સુમરા લોખંડનો સળીયો તથા તેમની સાથે યુવી તરીકે ઓળખાતો શખ્સ અને અનીશ સુમરા ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ ફરિયાદીને મોટરસાયકલ ઝડપથી ચલાવવા મુદ્દે બોલાચાલી કરી ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીએ વિરોધ કરતાં અશરફ સુમરાએ લાકડાના ધોકાથી માથાના ડાબા ભાગે કાન ઉપર ઘા મારી ઇજા પહોંચાડી હતી. ત્યારબાદ ફરિયાદી પોતાના પિતાને ફોન કરવા જતા તેના હાથમાં રહેલા મોબાઇલ પર પણ ધોકાનો ઘા મારતા આશરે રૂ. ૧,૫૦૦ની કિંમતનો મોબાઇલ તૂટી ગયો હતો.

ફરિયાદી ત્યાંથી બચવા ભાગતા આફતાબ સુમરાએ લોખંડના સળીયાથી ડાબા પગના ગોઠણ નીચેના ભાગે ઘા માર્યો હતો. દરમિયાન યુવી તરીકે ઓળખાતા શખ્સે છરી કાઢી હુમલો કરવાનો પ્રયાસ કરતાં ફરિયાદીએ છરી પકડી લેતા તેના જમણા હાથની આંગળીઓ અને અંગૂઠા નીચેના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેમાં સારવાર દરમિયાન આશરે અગિયાર ટાંકા લેવા પડ્યા હતા. ડાબા પગમાં પણ ચાર જેટલા ટાંકા આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ વેળાએ દેકારો થતા લોકો ભેગા થતાં આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા. જતાં જતાં અશરફ સુમરાએ ફરીથી વિસ્તારમાં

અનુ પાના નં.૨ પર

# કાલાવડમાં માનસિક બિમારીથી કંટાળી યુવકનો ગળા ફાંસો

## ડાયાબીટીસથી પીડાતા વૃધ્ધનું છાતીના દુઃખાવાથી નિપજ્યું મોત

**સમય સંદેશઃ જામનગર-કાલાવડ**

કાલાવડના આંબેડકનગરમા રહેતા સાગરભાઈ ઉર્ફે ભીખો હરિભાઈ ચાવડા (ઉ.વ. ૨૬) છેલ્લા કેટલાક સમયથી મગજની બીમારીથી પીડાતા હતા અને તેની સારવાર ચાલી રહી હતી. છેલ્લા બે મહિનાથી તેમની તબિયત વધુ બગડી હતી. ઉપરાંત તેમની પાસે કોઈ રોજગાર ન હોવાથી તેઓ આર્થિક સંકડામણ અને માનસિક તણાવમાં રહેતા હતા. આ પરિસ્થિતિમાં તેમણે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનોએ તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે હરીભાઈ ચનાભાઈ ચાવડાએ પોલીસને જાણ કરતા કાલાવડ પોલીસે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર શહેરના સાંઢિયા પુલ પાસે, મહાલક્ષ્મી બંગલોમા રહેતા મોહનભાઈ કારાભાઈ પરમાર (ઉ.વ. ૬૦), છેલ્લા ચાર વર્ષથી ડાયાબિટીસની બીમારીથી પીડાતા હતા અને નિયમિત સારવાર લઈ રહ્યા હતા. તા. ૫ જુલાઈના રોજ દવા લઈ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા તેમને તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જોકે સારવાર દરમિયાન સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે તેમના પુત્ર રસમીનભાઈ મોહનભાઈ પરમારે પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના સેતાવાડ સહિતના અનેક વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા માંગ

## પૂર્વ કોર્પોરેટરની આગેવાનીમાં સ્થાનિક લોકો દ્વારા જિલ્લા કલેકટર તંત્રને પાઠવાયું આવેદન



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સેન્ટ્રલ બેંક રોડ, સેતાવાડ વિસ્તારના રહેવાસીઓની તાજેતરમાં બેઠક મળી હતી અને પોતાના વિસ્તાર માટે અશાંત ધારો લાગુ કરવાની માંગણી કરી આ અંગે કલેક્ટરને પત્ર પાઠવી રજૂઆત કરી હતી.

જુના જામનગર તરીકે ઓળખાતા સેતાવાડ તેમજ અન્ય વિસ્તારોમાં વર્ષોથી વસવાટ કરતા લોકો તાજેતરમાં એકત્ર થયા હતાં. તેમણે જિલ્લા કલેક્ટરને તેમજ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીને લેખિતમાં પત્ર પાઠવી રજૂઆત કરી હતી કે અહિં વર્ષોથી સનાતન હિન્દુ સમાજના લોકો વસવાટ કરે છે, પરંતુ થોડા સમય પહેલા અન્ય ધર્મના લોકો આ વિસ્તારમાં રહેવા માટે આવ્યા છે. તેમના વાણી-વર્તન, ખાણી-પીણી તથા રહેણી-કરણીથી વારંવાર ઝગડા થાય છે. તેઓ હિન્દુ ધર્મનું અપમાન થાય તે રીતે ઈરાદાપૂર્વક નોનવેજ અને ઈંડા જાહેરમાં ફેંકી રહ્યા છે. આ બાબતે અનેક વખત સક્ષમ અધિકારી પાસે ફરિયાદ કરી છે, પરંતુ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

આ બે મકાન ઉપરાંતના પણ કેટલાક અન્ય ધર્મના લોકો મકાન ખરીદવા પેરવી કરે છે, અને અહિં વસવાટ કરનારાઓને લાલચ આપી રહ્યા છે અને મકાન વેંચવા માટે દબાણો પણ કરે છે. આથી ભવિ''યમાં આ વિસ્તારની સ્થિતિ બગડશે તેને ધ્યાનમાં રાખીને શેઠફળી, મણિયાર શેરી, સેતાવાડ અને આજુબાજુના વિસ્તારો માટે અશાંત ધારો લાગુ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ સમયે શેઠફળી ૧ થી ૪, મણિયાર શેરી, સેતાવાડ ધ્રુવ ફળી, ૧ થી ૩ કાળેશ્વર શેરી, ભટ્ટ ફળી, દેવાભાણાની શેરી, પતંગિયા ફળી, મઠ ફળી, ગરબી ફળી, ઝંડુભટ્ટની શેરી, ભગવાન સંગ બાપુની શેરી, તાક ફળી, મંડળ ફળી, છીપાવાડના રહેવાસીઓ જોડાયા હતાં.

જેમાં મનીષભાઈ કનખરા, અશ્વિનભાઈ રાયઠઠા,

અનુ પાના નં.૨ પર

# દડિયા ટી પોઈન્ટ પાસે બોલાવી કારમાં અપહરણ કરી બે ભાઈના ડુંગર પાસે લઈ જઈ લૂંટ ચલાવાઈ

## ચેટીંગ એપથી મિત્રતા પડી મોંઘીઃ માર મારી ૭૪ હજારની લૂંટ ચલાવાયાની નોંધાઈ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક દરેડ ગામમાં સબ સેન્ટર દવાખાનાની સામે રહેતા અને મજૂરી કામ કરતા ભીખાલાલ ઉર્ફે રણમલભાઈ ભોજાભાઈ કળોતરા (ઉં.વ. ૩૭) નામના યુવાનને થોડા સમય પહેલાં એક ઓનલાઇન ચેટિંગ એપના માધ્યમથી રવીરાજ નામના વ્યક્તિ સાથે ભેટો થયો હતો. બાદમાં આરોપી રવીરાજે પોતાના અન્ય ત્રણ મિત્રો સાથે મળીને ભીખાલાલ પાસેથી મોટી રકમ પડાવવાનું પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું ઘડ્યું હતું.

ત્યારબાદ તા. ૨ જુલાઈ ના રોજ સાંજના આશરે છએક વાગ્યાના સુમારે આરોપીએ ભીખાલાલને જામનગર-દડીયા ટી-પોઇન્ટ પાસે મળવા માટે બોલાવ્યા હતા. ફરિયાદી દડિયા ખાતે પહોચતા રવીરાજે તેમને પોતાની સ્વિફ્ટ કારમાં બેસાડી દીધા હતા અને ત્યાંથી સીધા બે ભાઇના ડુંગર તરફ લઈ ગયા હતા. ડુંગર પાસે પહોંચતા જ રવીરાજે અન્ય ત્રણ અજાણ્યા મિત્રોને પણ ત્યાં બોલાવી લીધા હતા. બાદમાં ચારેય આરોપીઓએ ભેગા મળીને ભીખાલાલને માર મારી એક આરોપીએ છરી અને બીજા આરોપીએ લાકડાનો ધોકો બતાવી ભીખાલાલને ડરાવી-ધમકાવીને તાત્કાલિક ૧,૦૦,૦૦૦ (એક લાખ) ની માંગણી કરી હતી. ભીખાલાલે આટલી મોટી રકમ આપવાની ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈને બેફામ ગાળો ભાંડી હતી. અને જો રૂપિયા નહીં મળે તો જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી આરોપીઓએ ભીખાલાલ પાસેથી મોબાઈલ ફોન, રોકડ અને પાકીટ, આરોપીઓએ એટીએમ કાર્ડ અને મોબાઈલ ઝૂંટવી લીધા હતા. ભીખાલાલના બેંક ખાતામાંથી ૫૮,૦૦૦ની રકમ ઉપાડી લીધી હતી. આમ, આરોપીઓએ ભેગા મળીને કુલ ૭૪,૦૦૦ની લૂંટ ચલાવી હતી અને નાસી છૂટ્યા હતા.

# દ્વારકાના આગેવાનોને ધમકી આપ્યાની ફરિયાદ બાદ પોલીસે ગુન્હો દાખલ કર્યો

**સમય સંદેશઃ દ્વારકા**

શહેરમાં રાજકીય અદાવતને લઈને ધમકી આપવાનો બનાવ સામે આવ્યો છે. ભદ્રકાલી ચોક વિસ્તારમાં રહેતા અને સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વિજયભાઈ પરસોતમ ભાઈ બુજડ (ઉં. ૪૬)એ દ્વારકા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે અગાઉની રાજકીય બાબતને લઈને મનદુઃખ રાખનાર શખ્સે તેમની સાથે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી જાનથી મારી નાખવાની ધમકી



આપી હતી. પોલીસ ફરિયાદ મુજબ, સોનગરા શેરી વિસ્તારમાં રહેતા રમેશ ઉર્ફે નાથાલાલ ફોગાભાઈ પરમાર સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેમણે ફરિયાદીને બિભત્સ ગાળો ભાંડી હતી તેમજ ગંભીર પરિણામો ભોગવવાની ધમકી ઉચ્ચારી હતી. આ ઘટનાથી ફરિયાદીને પોતાની સુરક્ષાને લઈને ભયની લાગણી ઊભી થતાં તેમણે કાયદાનો આશરો લીધો હતો.

ફરિયાદના આધારે દ્વારકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ)ની સંબંધિત કલમો હેઠળ

અનુ પાના નં.૨ પર

# જામ્યુકોની જુદી-જુદી શાખાઓમાં વર્ષોથી ચોંટેલા અને કામ ન કરવા ટેવાયેલા અધિકારીઓને બદલવા નગર સેવકની માંગ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકામાં ચુંટાઈને આવેલા નવા કોર્પોરેટરોને જુદી-જુદી શાખાઓમાં વર્ષોથી જામી ગયેલા અધિકારીઓ ગેરમાર્ગે દોરીને યેન કેન રીતે પ્રજાના કામો અટકાવી દેતા હોવાના આક્ષેપ સાથે આવા અધિકારીઓની આંતરિક ફેરબદલી કરવા વોર્ડ નંબર-૧૦ના કોર્પોરેટર દ્વારા કમિશનરને લેખિત ફરિયાદ કરી છે.

વોર્ડ-૧૦ના કોર્પોરેટર પ્રકાશભાઈ રાઠોડ દ્વારા મ્યુ. કમિશનરને ફરિયાદ કરી જણાવ્યું છે. કે, શહેરની વિકાસ-નિભાવની કામગીરી કરતી કોર્પોરેશનની સીવીલ શાખા, વોટર વર્કસ, ગાર્ડન, ભુગર્ભ, ટીપીઓ, ગાર્ડન, સ્લમ, એસ્ટેટ, જન્મ-મરણ, હાઉસ ટેક્સ જેવી શાખાઓમાં અધિકારીઓ અને ઈજનેરોને પ્રજાના પ્રશ્નોની રૂબરુ રજુઆતો કરીએ છીએ. પરંતુ જુના કાટ ખાઈ ગયેલા અને અનુભવી અધિકારીઓ કામ ટાળવા અને નવા ચુંટાયેલા કોર્પોરેટરોને ગેરમાર્ગે દોરે છે. તેથી પ્રજાના કામ અટકી પડે છે. પ્રજાના પ્રતિનિધિ હોવા છતાં એક શાખામાંથી બીજી શાખામાં અધિકારીઓ કારણ વગર ધક્કા ખવડાવે છે. કોર્પોરેશનમાં એક જ શાખામાં એક જ પોસ્ટ ઉપર એક જ અધિકારી વર્ષોથી નોકરી કરે

અનુ પાના નં.૨ પર

# જામનગર જેલમાં ૪ કેદીઓ ગેરકાયદે મોબાઈલ વાપરતા પકડાયા



તસવીરઃ હિરેન ગાંધી

## સાયબર ક્રાઈમ પોલીસે ટેક્નિકલ એનાલિસિસથી ઓળખી ધરપકડ કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા જેલમાંથી ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા ચાર કેદીઓને સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યા છે. જેલની તપાસ દરમિયાન એક બિનવારસી મોબાઈલ ફોન મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ મામલે જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) અને પ્રિઝન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

રાજકોટ વિભાગના ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જામનગર એસપી ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરી હતી. પીઆઈ આઈ.એ. ધાસુરા અને પીએસઆઈ એચ.કે. ઝાલાની ટીમે આધુનિક ટેક્નિકલ એનાલિસિસ અને ઇલેક્ટ્રોનિક પુરાવાના આધારે ફોનનો ઉપયોગ કરનારા કેદીઓની ઓળખ કરી તેમને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા કેદીઓમાં જાફરઅલી ઉમરભાઈ બુચડ (ઉંમર ૩૦, રહે. સચાણા), મોઈન ઉમર સફીયા (ઉંમર ૨૬, રહે. ખાખીનગર), દિલીપ દિનેશ પરમાર (ઉંમર ૨૫, રહે. ઈન્દિરા કોલોની) અને ઈમ્તીયાજ રહેમતુલ્લા મુંદ્દાક (ઉંમર ૩૫, રહે. ધરારનગર-૨) નો સમાવેશ થાય છે. સાયબર ક્રાઈમ પોલીસ હાલ આ ચારેય આરોપીઓની સઘન પૂછપરછ કરી રહી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સોને પકડવા માટે વધુ તપાસ ચાલુ છે.

# સતાપર ગામે ડેમમાં ન્હાવા પડેલા યુવાનનું મૃત્યુ

**સમય સંદેશઃ લાલપુર**

સુરતના બારડોલી મૂળ રહીશ અને હાલ કલ્યાણપુરના સતાપર રહેતા લાલુ દિનેશભાઈ રાઠોડ નામના ૩૨ વર્ષના યુવાન ગત તા.૫ના રોજ સતાપર ગામે આવેલા સિંધણી ડેમના પાણીમાં નહાવા જતા આ પાણીમાં ડૂબી જવાના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના નાનાભાઈ કિરણ દિનેશભાઈ રાઠોડએ કલ્યાણપુર પોલીસને કરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com